# GUJARAT BILL NO. 9 OF 2020.

# THE GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION (AMENDMENT) BILL, 2020.

*A BILL*

*further to amend the Gujarat Secondary and Higher Secondary Education Act, 1972.*

**સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૯ .**

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક, ૨૦૨૦.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના એકોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) અધિનિયમ, ૨૦૨૦ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.**

**૨.** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨-માં, કલમ ૩માં, પેટા-કલમ (૨)માં,- **સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૩નો સુધારો.**

(૧) **"વર્ગ-ક હોદ્દાની રૂએ સભ્યો"** એ શીર્ષક હેઠળના ખંડો (૧)થી (૧૫)ને બદલે, નીચેના ખંડો મૂકવા:-

"(૧) ઉચ્ચ શિક્ષણ કમિશનર, ગુજરાત રાજ્ય;

(૨) શાળા કમિશનર, ગુજરાત રાજ્ય;

(૩) પ્રાથમિક શિક્ષણ નિયામક, ગુજરાત રાજ્ય;

(૪) નિયામક, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ;

(૫) નિયામક, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ;

(૬) રાજ્ય સરકારે નામનિયુક્ત કરેલા, નાયબ સચિવથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા શિક્ષણ વિભાગના એક અધિકારી;

(૭) અધ્યક્ષ, રાજ્ય પરીક્ષા બોર્ડ;

(૮) પરીક્ષા નિયામક, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ;

(૯) રાજ્ય પરિયોજના નિયામક, સમગ્ર શિક્ષા અભિયાન.";

(૨) **"વર્ગ-ખ-ચૂંટાયેલા સભ્યો"** એ શીર્ષક હેઠળના ખંડો (૧) થી (૧૦) ને બદલે, નીચેના ખંડો મૂકવા:-

(૧) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના હેડમાસ્તરો(આચાર્યો)-એ, પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય;

(૨) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના હેડમાસ્તરોએ અને શિક્ષકોએ, પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય;

(૩) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના શિક્ષકોએ, પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય;

(૪) માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજો અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજોના પ્રિન્સિપાલોએ પોતાનામાંથી ઠરાવવામાં આવે તેવી રીતે ચૂંટેલો એક સભ્ય;

(૫) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ-ના બિન-શૈક્ષણિક કર્મચારીવર્ગ (સ્ટાફ)એ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય;

(૬) રજિસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીવર્ગ (સ્ટાફ)એ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય;

(૭) સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય;

સન ૧૮૬૦નો ૨૧મો. સન ૧૯૫૦નો મુંબઇનો ૨૯મો.

(૮) મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ અને મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ રજિસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકોના પ્રતિનિધિઓએ, ઠરાવવામાં આવે તેવી રીતે પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય;

(૯) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ-ના વાલીઓના એસોસિયેશનના પ્રમુખોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય.

**સ્પષ્ટીકરણ.**- આ ખંડમાં,-

(૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના સંબંધમાં "વાલીઓનું એસોસિયેશન" એટલે નિયત દિવસ પહેલાં અથવા તે પછી, તે શાળાના હેડમાસ્તર-એ રચેલું અને માન્ય કરેલું તે શાળાના વિદ્યાર્થીઓના માતાપિતા અને વાલીઓનું કોઇ એસોસિયેશન.

(૨) (ક) જેના પ્રમુખ, હેડમાસ્તર, શિક્ષક, વ્યવસ્થાપક અથવા સંચાલક મંડળ અથવા શાળાના સંચાલનનો હવાલો સંભાળતા અન્ય મંડળ-ના સભ્ય હોય તેવા વાલીઓના એસોસિયેશનના સંબંધમાં "પ્રમુખ" એટલે એવા હેડમાસ્તર, શિક્ષક, વ્યવસ્થાપક અથવા યથાપ્રસંગ, સભ્ય સિવાયના જે બીજા કોઇ સભ્યને, એસોસિયેશન લેખિતમાં અધિકૃત કરે તેવા સભ્ય; અને

(ખ) વાલીઓના એસોસિયેશનના પ્રમુખ પોતે ગેરહાજર હોય અથવા કામગીરી બજાવી શકે તેમ ન હોય, તો આ ખંડ હેઠળ કોઈ સભ્ય ચૂંટવાના હેતુ માટે, પ્રમુખ એટલે એસોસિયેશન તે હેતુ માટે લેખિતમાં અધિકૃત કરે તેવો તે એસોસિયેશનનો બીજો કોઈ સભ્ય.

(ગ) વાલીઓના એસોસિયેશનનો સભ્ય, તેના બાળકનું માધ્યમિક અથવા યથાપ્રસંગ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ થયેથી આવા સભ્ય તરીકે હોતો બંધ થશે.

(૧૦) પ્રમાણસર પ્રતિનિધિત્વ અનુસાર ક્રમિક મત-પદ્ધતિથી ગુજરાત વિધાનસભાએ પોતાના સભ્યોમાંથી ચૂંટેલા બે સભ્યો:

વધુમાં કોઈ વ્યક્તિ, રજિસ્ટર થયેલી શાળાના હેડમાસ્તર (મુખ્ય શિક્ષક) અથવા શિક્ષક તરીકે અથવા માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજ અથવા સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજના પ્રિન્સિપાલ (આચાર્ય) તરીકે અથવા રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળા અથવા રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન-શૈક્ષણિક કર્મચારી અથવા રજિસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક કર્મચારી અથવા રજિસ્ટર થયેલી શાળાઓના સંચાલકોના પ્રતિનિધિ તરીકે અથવા વાલીઓના એસોસિયેશનના

પ્રમુખ અથવા યથાપ્રસંગ, ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે હોતી બંધ થાય, તો તે વ્યક્તિ બોર્ડના સભ્ય તરીકે હોદ્દો ધરાવતી બંધ થશે.''.

(૩) "**વર્ગ-ગ નામનિયુક્ત કરેલા સભ્યો**" એ શીર્ષક હેઠળ, વિદ્યમાન પરિચ્છેદને ખંડ (૧) તરીકે નંબર (ક્રમાંક) આપવો અને એવી રીતે નંબર આપેલા ખંડ (૧) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(૨) રાજ્ય સરકારે, શિક્ષણ વિભાગમાં રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળની યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલના સભ્યો પૈકીના એક સભ્યને નામનિયુક્ત કરવો જોઈશે.".

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની વિદ્યમાન જોગવાઇઓ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની રચના કરવામાં આવી છે અને તેને રાજયમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના નિયમનની સોંપણી કરવામાં આવી છે. બોર્ડ, માધ્યમિક શાળા (એટલે કે ધોરણ ૧૦) અને ઉચ્ચતર માધ્યમિક શાળા (એટલે કે ધોરણ ૧૨) બન્ને માટે પ્રમાણપત્ર પરીક્ષાનું સંચાલન કરે છે. બોર્ડ, શાળાઓનું રજિસ્ટ્રેશન કરે છે અને રાજ્યમાં નવી શાળા ખોલવા માટે પરવાનગી પણ આપે છે. ખાસ કરીને, બોર્ડ, સદરહુ અધિનિયમની કલમ ૧૭ અને ૧૮માં વર્ણવેલ સત્તા ધરાવે છે અને ફરજો બજાવે છે.

બોર્ડના હાલના સભ્યોની કુલ સંખ્યા (હોદ્દાની રૂએ સભ્યો, ચૂંટાયેલા સભ્યો અને નામનિયુક્ત સભ્યો સહિત) ૫૯ છે જે તેવા જ હેતુઓ માટે દેશમા રચાયેલા અને કામ કરતા તમામ બોર્ડમાં સૌથી વધુ છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડ રાજ્યમાં તે બોર્ડમાં ૩૨ થી ૪૫ સભ્યો છે તે સિવાયના મોટા ભાગના બોર્ડમાં ૧૧ થી ૨૬ સભ્યો છે.

બોર્ડના સભ્યોની મોટી સંખ્યાથી બોર્ડની કામગીરી અવરોધાય છે. બીજુ, બોર્ડના સભ્યોની ચુંટણીઓ માટે અને બોર્ડની અને બોર્ડે નીમેલી સમિતિઓની બેઠકો માટેની ફીની ચૂકવણી માટે અને સભ્યોના મુસાફરી ભથ્થાં માટે પણ મોટી રકમનો ખર્ચ થાય છે. તેથી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૩ની પેટા-કલમ (૨) સુધારવાનું જરૂરી જણાયું છે. વિધેયકની કલમ ૨-થી તે માટે જોગવાઇ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ(૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, વિધેયકની જોગવાઇઓ જે તારીખે અમલમાં આવશે, તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ ૨.-** (૧) આ કલમની પેટા-કલમ (૨)થી, "વર્ગ ખ- ચૂંટાયેલા સભ્યો" એ શીર્ષક હેઠળ મૂકવા ધારેલ નવા ખંડ (૪)થી, રાજય સરકારને, માધ્યમિક શિક્ષણ તાલીમ કોલેજો અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજોના પ્રિન્સિપાલોએ પોતાનામાંથી એક સભ્યને જે રીતે ચૂંટવો જોઇશે તે, રીત નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૨)થી બદલવા ધારેલ, "વર્ગ ખ-ચૂંટાયેલા સભ્યો" એ શીર્ષક હેઠળ મૂકવા ધારેલ નવા ખંડ (૮)થી, રાજય સરકારને, મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ અને મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ રજિસ્ટર થયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના પ્રતિનિધિઓએ, જે રીતે પોતાનામાંથી એક સભ્યને ચૂંટવો જોઇશે તે રીત નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૨૦મી માર્ચ, ૨૦૨૦** **ભૂપેન્દ્રસિંહ ચુડાસમા.**

# <u>પુરવણી</u>

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (શિક્ષણ) અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૩-ના ગુજરાતના ૧૮-મા)માંથી ઊતારા.

---

**૩. (૧)** XXX XXX XXX બોર્ડની રચના અને સંસ્થાપન.

**(૨)** બોર્ડ, રાજ્ય સરકાર નીમે તે અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષનું અને નીચેના સભ્યોનું બનશે.

**વર્ગ-ક હોદ્દાની રૂએ સભ્યો.**

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશનર.

(૨) શાળા અને મધ્યાહ્ન ભોજન કમિશનર.

(૩) ટેકનિકલ શિક્ષણ નિયામક.

(૪) સંયુક્ત નિયામક (૧૦ + ૨).

(૫) પ્રાથમિક શિક્ષણ નિયામક.

(૬) નિયામક, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

(૭) નિયામક, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ.

(૮) નિયામક, રોજગાર અને તાલીમ.

(૯) રાજ્ય સરકાર દ્વારા મુકરર કરવામાં આવે તેવા, નાયબ સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા શિક્ષણ વિભાગના બે અધિકારીઓ.

(૧૦) અધ્યક્ષ, રાજ્ય પરીક્ષા બોર્ડ.

(૧૧) અધ્યક્ષ, ટેકનિકલ શિક્ષણ બોર્ડ.

(૧૨) સચિવ, ઉત્તર બુનિયાદી શિક્ષણ બોર્ડ.

(૧૩) પરીક્ષા નિયામક, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.

(૧૪) નિયામક, ગુજરાત રાજ્ય શૈક્ષણિક ટેકનોલોજી સંસ્થા.

(૧૫) ખાસ ફરજ પરના અધિકારી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.

પરંતુ ઉપર જણાવેલા હોદ્દાઓ પૈકી કોઈ હોદ્દાવાળી જગા ન હોય, તો રાજ્ય સરકાર, તત્સમાન જગા ધરાવતા જે અધિકારી સામાન્ય રીતે એવી જગાને લગતી બાબત અંગે કામગીરી કરતા હોય તે અધિકારીને નિર્દેશી શકશે.

**વર્ગ-ખ-ચૂંટાયેલા સભ્યો.**

(૧) દરેક યુનિવર્સિટીની અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની, યથાપ્રસંગ, કલમ ૨ના ખંડ (છ)ની અથવા કલમ ૩ની જોગવાઇઓ અનુસાર કેન્દ્ર સરકારે યુનિવર્સિટીઓ તરીકે જાહેર કરેલી સંસ્થાઓની એકેડેમિક કાઉન્સિલના સભ્યોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય;

પરંતુ કોઇ યુનિવર્સિટીમાં કોઇ એકેડેમિક કાઉન્સિલ ન હોય અથવા યુનિવર્સિટી તરીકે માન્ય અથવા જાહેર કરેલી હોય તેવી સંસ્થા ન હોય, તો રાજ્ય સરકાર આ માટે માન્ય કરે તેવી, યથાપ્રસંગ, તે યુનિવર્સિટીનું અથવા સંસ્થાનું અધિકારી મંડળ આ ખંડના હેતુ માટે, યથાપ્રસંગ, એવી યુનિવર્સિટી અથવા સંસ્થાની એકેડેમિક કાઉન્સિલ છે એમ ગણાશે.

(૨) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના હેડમાસ્તરોએ, પોતાનામાંથી ચૂંટેલા પાંચ સભ્યો.

(૩) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના હેડમાસ્તરોએ, પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય.

(૪) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટેલા પાંચ સભ્યો.

(૫) આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય.

(૬) માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજો અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજોના પ્રિન્સિપાલોએ પોતાનામાંથી ઠરાવવામાં આવે તે રીતે ચૂંટેલો એક સભ્ય.

(૬ક) રજિસ્ટર થયેલ ખાનગી માધ્યમિક શાળાઓના બિન-શૈક્ષણિક સ્ટાફે પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય.

(૬-કખ) રજિસ્ટર થયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન-શૈક્ષણિક સ્ટાફે પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય.

**સ્પષ્ટીકરણ**:- ખંડો (૪-ક) અને (૪-કખ) હેઠળ ચૂંટાયેલ સભ્ય, શિક્ષકો અને પ્રિન્સિપાલો માટેની શાળા સ્ટાફ પસંદગી સમિતિના સભ્ય તરીકે નામ-નિયુકત થવાને પાત્ર થશે નહિ;

(૬કક) રજીસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક સ્ટાફે પોતાનામાંથી ચૂંટેલા ત્રણ સભ્યો.

(૬-કકક) સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોમાંથી ચૂંટાયેલ એક સભ્ય.

સન ૧૮૬૦નો ૨૧મો.

સન ૧૯૫૦નો મુંબઈનો ૨૯મો.

(૭) મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ, અધિનિયમ, ૧૯૫૦ હેઠળ રજિસ્ટર થયેલી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકોના પ્રતિનિધિઓએ, ઠરાવવામાં આવે તેવી રીતે પોતાનામાંથી ચૂંટેલા ચાર સભ્યો.

(૮) કમી કરેલ છે.

(૯) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓના અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વાલીઓના એસોસિયેશનના પ્રમુખોએ પોતાનામાંથી ચૂંટેલા ત્રણ સભ્યો.

**સ્પષ્ટીકરણ**.- આ ખંડમાં,-

(૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના સંબંધમાં "વાલીઓનું એસોસિયેશન" એટલે નિયત દિવસે અથવા તે પછી, તે શાળાના હેડમાસ્તરે રચેલું અને માન્ય કરેલું તે શાળાના વિદ્યાર્થીઓના માતાપિતા અને વાલીઓનું એસોસિયેશન;

(૨) (ક) જેના પ્રમુખ, હેડમાસ્તર, શિક્ષક, વ્યવસ્થાપક અથવા સંચાલક મંડળ અથવા શાળાનું સંચાલન કરતા અન્ય મંડળના સભ્ય હોય તે વાલીઓના એસોસિયેશનના સંબંધમાં "પ્રમુખ" એટલે યથાપ્રસંગ એવા હેડમાસ્તર, શિક્ષક, વ્યવસ્થાપક અથવા સભ્ય સિવાયના જે બીજા કોઇ સભ્યને, એસોસિયેશન લેખિત રીતે અધિકૃત કરે તે સભ્ય; અને

(ખ) વાલીઓના એસોસિયેશનના પ્રમુખ પોતે ગેરહાજર હોય અથવા કામગીરી બજાવી શકે તેમ ન હોય, તો આ ખંડ હેઠળ કોઇ સભ્ય ચૂંટવાના હેતુ માટે, પ્રમુખ એટલે એસોસિયેશન તે હેતુ માટે લેખિત રીતે અધિકૃત કરે તેવો તે એસોસિયેશનનો બીજો કોઇ સભ્ય.

(૭ા) વાલીઓના એસોસિયેશનનો સભ્ય, તેના સંતાનનું માધ્યમિક અથવા યથાપ્રસંગ, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પૂર્ણ થયે, આવા સભ્ય તરીકે હોતો બંધ થશે.

(૧૦) પ્રમાણસર પ્રતિનિધિત્વ, અનુસાર ક્રમિક મત પદ્ધતિથી ગુજરાત વિધાનસભાએ પોતાના સભ્યોમાંથી ચૂંટેલા પાંચ સભ્યો :

પરંતુ આ વર્ગના ખંડો (૨) અને (૪)ના હેતુઓ માટે, રાજ્યની ઉત્તર-બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓને રાજ્ય સરકારે પાંચ જૂથોમાં એવી રીતે વખતોવખત ગોઠવવી કે કોઇપણ એક જૂથમાં એવી શાળાઓની સંખ્યા, લગભગ, રાજ્યની શાળાઓની કુલ સંખ્યાના વીસ ટકા જેટલી થાય અને એવા દરેક જૂથમાંની આવી શાળાઓના હેડમાસ્તરોએ અથવા યથાપ્રસંગ શિક્ષકોએ એક સભ્ય ચૂંટવો જોઇશે.

વધુમાં ખંડ (૬-કક)ના હેતુ માટે, રાજ્ય સરકારે, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, રાજ્યને ત્રણ પ્રદેશમાં વિભાજીત કરવું જોઇશે, જેથી શક્ય હોય તેટલે સુધી એ દરેક પ્રદેશમાં સમાવિષ્ટ વિસ્તારોમાં રજિસ્ટર થયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સરખી સંખ્યા તેમાં થાય અને આવા દરેક પ્રદેશમાંની રજિસ્ટર થયેલ માધ્યમિક શાળાઓના શૈક્ષણિક સ્ટાફે, એક સભ્ય ચૂંટવો જોઇશે;

વધુમાં ખંડ (૯)ના હેતુ માટે રાજ્ય સરકારે, રાજ્યપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, રાજ્યને ત્રણ પ્રદેશોમાં વિભાજિત કરવું, જેથી શક્ય હોય તેટલે સુધી એ દરેક પ્રદેશમાં સમાવિષ્ટ કરેલા વિસ્તારોની અંદર રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓની અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સરખી સંખ્યા તેમાં થાય અને એવા દરેક પ્રદેશમાં વાલીઓના એસોશિયેશનના પ્રમુખોએ એક સભ્ય ચૂંટવો જોઇશે;

વધુમાં કોઇ વ્યક્તિ, એકેડેમિક કાઉન્સિલના અથવા જે સંસ્થાએ તેને ચૂંટી હોય તેના સભ્ય તરીકે રહેતી બંધ થાય અથવા રજિસ્ટર થયેલી શાળાના હેડમાસ્તર અથવા શિક્ષક તરીકે અથવા માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજ અથવા સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજના પ્રિન્સિપાલ તરીકે અથવા રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાના, રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના, બિન-શૈક્ષણિક સ્ટાફના અથવા રજિસ્ટર થયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે રજિસ્ટર થયેલી માધ્યમિક શાળાના સંચાલકોના પ્રતિનિધિ તરીકે અથવા વાલીઓના એસોસિયેશનના પ્રમુખ અથવા યથાપ્રસંગ ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે રહેતી બંધ થાય, તો તે વ્યક્તિ બોર્ડના સભ્ય તરીકે હોદ્દો ધરાવતી બંધ થશે.

વળી બોર્ડની પ્રથમવાર રચના કરવામાં આવે, ત્યારે રાજ્ય સરકારે આ વર્ગના સભ્યોને, આ વર્ગના સભ્યો તરીકે ચૂંટાવા માટે લાયકાત ધરાવતી વ્યક્તિઓમાંથી નામનિયુક્ત કરવા જોઇશે.

**વર્ગ-ગ નામનિયુક્ત કરેલા સભ્યો.**

વિજ્ઞાન, ઉદ્યોગ અથવા વાણિજ્ય ક્ષેત્રે ખાસ જ્ઞાન અથવા પ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી રાજ્ય સરકારે નામનિયુક્ત કરેલા ત્રણ સભ્યો.

(૩) XXX XXX XXX

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૯ .]

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ વધુ સુધારવા બાબત વિધેયક.

[ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,
શિક્ષણ મંત્રીશ્રી.]

(સન ૨૦૨૦ના માર્ચ મહિનાની ૨૦મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**THE GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION (AMENDMENT) BILL, 2020.**

**GUJARAT BILL NO. 9 OF 2020.**

*A BILL*

*further to amend the Gujarat Secondary and Higher Secondary Education Act, 1972.*

It is hereby enacted in the Seventy-first Year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Gujarat Secondary and Higher Secondary Education (Amendment) Act, 2020. **Short title and commencement.**

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**Amendment of section 3 of Guj. 18 of 1973.**

**2.** In the Gujarat Secondary and Higher Secondary Education Act, 1972, in section 3, in sub-section (2),- **Guj. 18 of 1973.**

(1) under the heading "**Class A-Ex Officio Members**" for clauses (i) to (xv), the following clauses shall be substituted, namely:-

"(i) the Commissioner of Higher Education, Gujarat State;

(ii) the Commissioner of School, Gujarat State;

(iii) the Director of Primary Education, Gujarat State;

(iv) the Director, Gujarat State Board of School Text Books;

(v) the Director, Gujarat Council of Educational Research and Training;

(vi) one officer of Education Department not below the rank of Deputy Secretary, nominated by the State Government;

(vii) the Chairman, State Examination Board;

(viii) the Director of Examination, Gujarat Secondary and Higher Secondary Education Board;

(ix) the State Project Director, *Samagra Siksha Abhiyan*.";

(2) under the heading "**Class B- Elected Members**" for clauses (i) to (x), the following clauses shall be substituted, namely:-

(i) one member elected by the headmasters of registered schools other than post basic schools from amongst themselves;

(ii) one member elected by the headmasters and the teachers of the post basic schools registered under this Act, from amongst themselves;

(iii) one member elected by the teachers of registered schools other than post basic schools from amongst themselves;

(iv) one member elected by the Principals of the Secondary Teachers Training Colleges and Graduate Basic Training Colleges from amongst themselves in such manner as may be prescribed;

(v) one member elected by the non-teaching staff of registered private secondary schools, secondary and higher secondary schools, from amongst themselves;

(vi) one member elected by the teaching staff of registered higher secondary schools from amongst themselves;

(vii) one member elected from amongst teachers of Government secondary and higher secondary schools;

(viii) one member elected by the representatives of the management of registered secondary and higher secondary schools registered under the Societies Registration Act, 1860 and the Gujarat Public Trusts Act, 1950 from amongst themselves in such manner as may be prescribed;

**XXI of 1860.**

**Bom. XXIX of 1950.**

(ix) one member elected by the Presidents of the Parents' Associations of registered private secondary schools and registered private higher secondary schools, from amongst themselves.

***Explanation. -*** In this clause, –

(1) "Parents' Association" in relation to any registered private secondary schools shall mean an association of parents and guardians of students of that schools, formed and recognised by the headmaster of that school, whether before or after the appointed day.

(2) (a) in relation to Parents' Association whose President is a headmaster, a teacher, a manager or a member of a governing body or other body in charge of the management of the school, "President" shall mean such member of that Association other than such headmaster, teacher, manager or, as the case may be, member, as may be authorised in writing by the Association; and

(b) in a case where the President of a Parent's Association is himself absent or incapable of acting, the President shall, for the purpose of electing a member under this clause, mean such other member

of that Association as may be authorised in writing by the Association for that purpose.

(c) A member of the Parents' Association shall cease to be such member on completion of his child's secondary or, as the case may be, higher secondary education.

(x) two members elected by the Gujarat Legislative Assembly from amongst its members in accordance with the system of proportional representation by means of the single transferable vote:

Provided further that a person shall cease to hold office as a member of the Board if he ceases to be a headmaster or teacher of a registered school or the Principal of a Secondary Teachers Training College or a Graduate Basic Training College or a member of non-teaching staff of registered private secondary schools and registered private higher secondary schools or of teaching staff of registered higher secondary schools or a representative of the management of the registered schools or a President of a Parents' Association or, as the case may be, a member of the Gujarat Legislative Assembly.";

(3) under the heading "**Class C- Nominated Members**", the existing paragraph shall be numbered as clause (i) and after clause (i) as so numbered, the following clause shall be inserted, namely:-

"(ii) The State Government shall nominate one member from amongst the members of the Academic Council of the Universities controlled by the State Government in Education Department.".

## STATEMENT OF OBJECTS AND REASONS

As per the existing provisions of the Gujarat Secondary and Higher Secondary Education Act, 1972, the Gujarat Secondary and Higher Secondary Education Board is constituted and entrusted the regulation of the secondary and higher secondary education in the State. The Board conducts the certificate examination for both the secondary school (i.e. $10^{th}$ standard) and higher secondary school (i.e. $12^{th}$ standard). The Board grants registration to the schools and grants permission to open new school in the State also. More particularly, the Board enjoys the powers and performs the duties as enumerated in sections 17 and 18 of the said Act.

The present total strength of the members (including the *ex-officio* members, the elected members and the nominated members) of the Board is 59 which is the highest of all the Boards constituted and functioning in the country for similar purposes. Most of the Boards have 11 to 26 members except the Board in the State of Maharashtra, Rajasthan, Madhya Pradesh and Uttarakhand which have 32 to 45 members.

The huge strength of the members of the Board hampers the functioning of the Board. Secondly, huge amount is incurred on the elections of the members of the Board and also on the payment of fees for the sittings of the Board and Committees appointed by the Board, travelling allowances to the members. It is therefore, considered necessary to amend sub-section (2) of section 3 of the said Act. *Clause* 2 of the Bill provides for the same.

This Bill seeks to amend the said Act to achieve the aforesaid objects.

**BHUPENDRASINH CHUDASAMA,**

## MEMORENDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill involves the delegation of legislative powers in the following respects:-

***Clause 1.-*** Sub-clause (2) of this clause empowers the State Government, by notification in the *Official Gazette*, to appoint the date on which the provisions of the Bill shall come into force.

***Clause 2.-*** (i) New clause (iv) under the heading "Class B- Elected Members" proposed to be substituted by sub-clause (2) of this clause empowers the State Government to prescribe by rules, the manner in which one member shall be elected by the Principals of the Secondary Teachers Training Colleges and Graduate Basic Training Colleges, from amongst themselves;

(ii) new clause (viii) under the heading "Class B- Elected Members" proposed to be substituted by sub-clause (2) of this clause empowers the State Government to prescribe by rules, the manner in which one member shall be elected by the representatives of the management of registered Secondary and Higher Secondary schools registered under the Societies Registration Act, 1860 and the Bombay Public Trusts Act, 1950, from amongst themselves.

The delegation of powers as aforesaid is necessary and is in normal character.

Dated the 20th March, 2020. **BHUPENDRASINH CHUDASAMA.**

*ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION ACT, 1972.

**(Guj. 18 of 1973)**

**Constitution and incorporation of Board.**

**3.** (1) XXX XXX XXX

(2) The Board shall consist of a Chairman and a Deputy Chairman, both of whom shall be appointed by the State Government and of the following members that is to say-

**Class A-Ex-Officio Members**

(i) The Commissioner of Higher Education,

(ii) The Commissioner of Schools and Mid-day meal,

(iii) The Director of Technical Education,

(iv) The Joint Director (10+2),

(v) The Director of Primary Education,

(vi) The Director, Gujarat State Board of School Text Book,

(vii) The Director, Gujarat State Council of Educational Research and Training,

(viii) The Director of Employment and Training,

(ix) Two officers of Education Department not below the rank of Deputy Secretary as designated by the State Government,

(x) The Chairman, State Board of Examination,

(xi) The Chairman, Technical Education Board,

(xii) The Secretary, Post Basic Education Board,

(xiii) The Director of Examination, Gujarat Secondary and Higher Secondary Education Board,

(xiv) The Director, Gujarat State Institute of Educational Technology,

(xv) The Officer on Special Duty, Gujarat Secondary and Higher Secondary Education Board:

Provided that if there is no post having any of the designations mentioned above, the State Government may designate any officer holding a corresponding post, who deals with the matters that would be normally connected with such post.

**Class B-Elected Members**

(i) One member elected from amongst themselves by the members of the Academic Council of each University and of the institutions recognised by the University Grants Commission or declared by the Central Government as Universities in accordance with the provisions of clause (f) of section 2 or of section 3, as the case may be, of the University Grants Commission Act, 1956:

Provided that where there is no Academic Council in any University or such institution recognised or declared as university, such authority of the University, or as the case may be, such institution as may be approved by the State Government in this behalf shall be deemed to be the Academic Council of such University, or as the case may be, institution, for the purpose of this clause.

(ii) Five members elected by the headmasters of registered schools other than Post Basic Schools from amongst themselves.

(iii) One member elected by the headmasters of the post basic schools registered under this Act, from amongst themselves.

(iv) Five members elected by the teachers of registered schools other than Post Basic Schools from amongst themselves.

(v) One member elected by the teacher of Post Basic Schools registered under this Act, from amongst themselves.

(vi) One member elected by the Principals of the Secondary Teachers Training Colleges and Graduate Basic Training Colleges from amongst themselves in such manner as may be prescribed.

(vi-a) One member elected by the non-teaching staff of registered private secondary schools from amongst themselves.

(vi-ab) One member elected by non-teaching staff of registered secondary and higher secondary schools from amongst themselves.

**Explanation.-**The member elected under clauses (vi-a) and (vi-ab) shall not be eligible to be nominated as the member of the school staff selection committee for teachers and principals.

(vi-aa) three members elected by the teaching staff of registered higher secondary schools from amongst themselves.

(vi-aaa) One member elected from amongst teachers of Government secondary and higher secondary schools.

**XXIX of 1860.**

**Bom. XXIX of 1950.**

(vii) four members elected by the representatives of the management of registered Secondary and Higher Secondary Schools registered under the Societies Registration Act, 1860 and the Bombay Public Trusts Act, 1959 from amongst themselves in such manner as may be prescribed.

(viii) Deleted.

(ix) Three members elected by the Presidents of the Parents' Associations of registered private secondary schools and registered private higher secondary schools from amongst themselves.

**Explanation.-**In this clause,-

(1) "Parents' Association" in relation to any registered private secondary schools shall mean an association of parents and guardians of students of that school, formed and recognised by the headmaster of that school, whether before or after the appointed day.

(2) (a) in relation to a Parents' Association whose President is a headmaster, a teacher, a manager or a member of a governing body or other body in charge of the management of the school, "President" shall mean such member of that Association other than such headmaster, teacher, manager or, as the case may be, member, as may be authorised in writing by the Association; and

(b) in a case where the President of a Parents' Association is himself absent or incapable of acting, the President shall, for the purpose of electing a member under this clause, mean such other member of that Association as may be authorised in writing by the Association for that purpose.

(c) A member of the Parents' Association shall cease to be such member on completion of his child's Secondary or, as the case may be, higher secondary education.

(x) Five members elected by the Gujarat Legislative Assembly from amongst its members in accordance with the system of proportional representation by means of the single transferable vote :

Provided that for the purposes of clauses (ii) and (iv) of this Class the registered schools other than post basic schools in the State shall from time to time be so arranged by the State Government in five groups that the number of such schools in any one group shall be as near as possible to twenty per cent. of the total number of such schools in the State, and the headmasters or, as the case may be the teachers of such schools in each such group shall elect one member:

Provided further that for the purpose of clause (vi-aa), the State Government shall, by an order published in the *Official Gazette*, divide the State into three regions each having, as far as possible, an equal number of registered higher secondary schools within the areas comprised therein and the teaching staff of registered higher secondary schools in each such region shall elect one member:

Provided further that for the purpose of clause (ix) the State Government shall, by an order published in the *Official Gazette*, divide the State into three regions each having as far as possible an equal number of registered private secondary schools and registered private higher secondary schools within the areas comprised therein and the Presidents of Parents' Associations in each such region shall elect one member:

Provided further that a person shall cease to hold office as a member of the Board if he ceases to be a member of the Academic Council or of the institution which elected him, or ceases to be a headmaster or teacher of a registered school or the Principal of a Secondary Teachers Training College or a Graduate Basic Training College or a member of non-teaching staff of registered private secondary schools registered private higher secondary schools or of teaching staff of registered higher secondary schools or a representative of the management of the registered schools or a President of a Parents' Association or as the case may be, a member of the Gujarat Legislative Assembly:

Provided also that where the Board is constituted for the first time the members of this Class shall be nominated by the State Government from amongst persons qualified to be elected as members of this Class.

**Class C- Nominated Members.**

Three members nominated by the State Government from amongst persons who have special knowledge or practical experience in the field of Science, Industry or Commerce.

(3) XXX XXX XXX

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 9 OF 2020.**

***A BILL***

*further to amend the Gujarat Secondary and Higher Secondary Education Act, 1972.*

**[ SHRI BHUPENDRASINH CHUDASAMA, MINISTER FOR EDUCATION]**

**( As published in the Gujarat Government Gazette of the 20th March, 2020)**

**D.M.PATEL,**
Secretary,
Gujarat Legislative Assembly.